તારીખ : 08/10/2026

# સાવરકુંડલા એરોગેસ એજન્સી ખાતે સિલિન્ડર માટે ગ્રાહકોના ટોળા યથાવત, બે વર્ષથી સમસ્યા યથાવત




સાવરકુંડલા દેવળા ગેટ ખાતે આવેલ એરોગેસ એજન્સીની ઓફિસે સિલિન્ડર મેળવવા આવતા ગ્રાહકોના ટોળા છેલ્લા બે વર્ષથી યથાવત જોવા મળી રહ્યા છે. ગ્રાહકોને સિલિન્ડર માટે અનેક પ્રકારની પરેશાનીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ગ્રાહકોના જણાવ્યા અનુસાર એજન્સીમાં યોગ્ય વ્યવસ્થા કે સિસ્ટમ ન હોવાને કારણે કામનું ભારણ વધતું જાય છે. ગ્રાહકોને સમયસર જવાબો મળતા નથી અને અવારનવાર એજન્સી તથા ગ્રાહકો વચ્ચે નાના-મોટા ઝઘડા પણ થાય છે. આ બાબતે અનેક વખત રજૂઆતો થઈ છે તેમજ અગાઉ મોટા પાયે આંદોલનો પણ થયા છે, પરંતુ ગેસ એજન્સીની કાર્યપદ્ધતિમાં કોઈ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો નથી. સિલિન્ડર માટે આવનાર ગ્રાહકો માટે પાણીની કે બેસવાની કોઈ વ્યવસ્થા પણ નથી. સમગ્ર ગુજરાતમાં આ પ્રકારની જેલ જેવી ગેસ એજન્સીની ઓફિસ અન્યત્ર જોવા મળતી નથી, એવું ગ્રાહકોનું કહેવું છે. હાલ કેવાયસી કરવા અંગેના નવા નિયમોને કારણે સાવરકુંડલા શહેરમાં આશરે ૫૦૦૦ જેટલા ગ્રાહકોના કેવાયસી કરવાના છે.

આ કામ ખૂબ જ ધીમી ગતિએ ચાલી રહ્યું છે. યોગ્ય ઉકેલ ન મળવાને કારણે ગ્રાહકોમાં રોષ ફાટી નીકળ્યો છે, જ્યારે જવાબદાર તંત્ર આ બાબતે સંપૂર્ણપણે મૌન છે. આ સમસ્યાના નિરાકરણ માટે કેટલાક ગ્રાહકો ધારાસભ્ય મહેશભાઈ કસવાળા તથા વહીવટી તંત્ર પાસે અપેક્ષા રાખે છે કે બંને મળીને ગેસ એજન્સી સાથે વાતચીત કરીને તાત્કાલિક ઉકેલ લાવે. આ અંગે લોકોમાં માંગણી ઊઠી છે.





કે.ડી. NEWS

તારીખ : 08/10/2026



# પિતાને અંતિમ વિદાય આપતાં ધ્રૂસકે-ધ્રૂસકે રડ્યાં જેની ઠુમ્મર, દીકરીએ આપી પિતાને કાંધ

## વીરજી ઠુમ્મરના નિધનથી અમરેલી કોંગ્રેસમાં શોકની લાગણી







અમરેલીના પૂર્વ સાંસદ અને કોંગ્રેસના પીઢ તથા દિગ્ગજ નેતા વીરજીભાઈ ઠુમ્મરના નિધનથી અમરેલી સહિત સમગ્ર સૌરાષ્ટ્રના રાજકીય વર્તુળમાં શોકની લાગણી પ્રસરી છે. બુધવારે તેમના નિવાસસ્થાનેથી અંતિમયાત્રા નીકળી હતી, જેમાં કોંગ્રેસના આગેવાનો-કાર્યકરો ઉપરાંત વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ, સામાજિક આગેવાનો અને મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.વીરજીભાઈ ઠુમ્મરને અંતિમ વિદાય આપતી વેળાએ અત્યંત હૃદયસ્પર્શી દૃશ્યો સર્જાયા હતા. પિતાના નિધનથી પુત્રી જેનીબેન ઠુમ્મર ભાવુક બની ધ્રૂસકે-ધ્રૂસકે રડી પડ્યાં હતાં. તેમણે પિતાના પાર્થિવ દેહને પુષ્પાંજલિ અર્પણ કરી કાંધ આપી હતી અને અંતિમયાત્રામાં સ્મશાન સુધી સાથે રહ્યાં હતાં. બાદમાં પુત્રી જેનીબેને જ પિતાને અગ્નિદાહ આપ્યો હતો. આ કરુણ દૃશ્યથી ઉપસ્થિત સૌની આંખો ભીની થઈ ગઈ હતી.વીરજીભાઈ ઠુમ્મરની અંતિમયાત્રામાં પક્ષ-વિપક્ષના ભેદ ભૂલી અનેક દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પૂર્વ સાંસદ નારણભાઈ કાછડિયા, કોંગ્રેસના વરિષ્ઠ નેતા પરેશ ધાનાણી, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત, સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમા, પૂર્વ ધારાસભ્ય અંબરીષ ડેર સહિતના આગેવાનો અને મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો જોડાયા હતા. સૌએ વીરજીભાઈ ઠુમ્મરના પાર્થિવ દેહના અંતિમ દર્શન કરી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.વીરજીભાઈ ઠુમ્મર લાંબા સમયથી અમરેલીના જાહેર જીવન અને કોંગ્રેસના રાજકારણમાં સક્રિય રહ્યા હતા. વર્ષ ૨૦૦૪થી ૨૦૦૯ દરમિયાન તેઓ અમરેલી લોકસભા બેઠકના સાંસદ રહ્યા હતા, જ્યારે વર્ષ ૨૦૧૭થી ૨૦૨૨ દરમિયાન લાઠી-બાબરા વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ખેડૂતો અને ગ્રામ્ય વિસ્તારના પ્રશ્નોને વાચા આપનાર તથા પોતાની આક્રમક અને નીડર રાજકીય શૈલી માટે તેઓ જાણીતા હતા.વીરજીભાઈ ઠુમ્મરના અવસાનથી અમરેલીના રાજકીય અને સહકારી ક્ષેત્રમાં એક પીઢ નેતાની ખોટ પડી છે. તેમના નિધનથી કોંગ્રેસના આગેવાનો, કાર્યકરો, સમર્થકો તેમજ શુભેચ્છકોમાં ઘેરા શોકની લાગણી જોવા મળી રહી છે.

તારીખ : 08/10/2026



# દિગ્ગજ અભિનેતા નાના પાટેકરનું 75 વર્ષની વયે નિધન

ભારતીય ફિલ્મ જગતના દિગ્ગજ અભિનેતા અને ફિલ્મકાર નાનાં પાટેકરનું આજે 75 વર્ષની વયે નિધન થતાં સમગ્ર ફિલ્મ જગતમાં શોકની લાગણી પ્રસરી છે. ગોવા સ્થિત તેમના નિવાસસ્થાને તેઓ બેભાન હાલતમાં મળી આવ્યા બાદ તેમને મણિપાલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં તબીબોએ આશરે 45 મિનિટ સુધી તેમને CPR આપી બચાવવાના પ્રયાસો કર્યા હતા, પરંતુ તેમને બચાવી શકાયા નહોતા. હોસ્પિટલની માહિતી મુજબ સવારે 5:20 વાગ્યે તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ તેમના નિધનનું કારણ ગંભીર કાર્ડિયાક અરેસ્ટ હોવાનું જણાવાયું છે.

નાનાં પાટેકરનું મૂળ નામ વિશ્વનાથ પાટેકર હતું. તેમણે મરાઠી રંગભૂમિથી પોતાની કારકિર્દીની શરૂઆત કરી અને ત્યારબાદ હિન્દી તથા મરાઠી ફિલ્મોમાં પોતાની આગવી અભિનયશૈલીથી આગવું સ્થાન બનાવ્યું હતું. તેમની અસરકારક સંવાદ રજૂઆત, ગંભીર અભિનય અને પાત્રને જીવંત કરવાની કળાએ તેમને દર્શકોમાં વિશેષ લોકપ્રિય બનાવ્યા હતા.'પરિન્દા', 'ક્રાંતિ વીર', 'તિરંગા', 'પ્રહાર', 'અબ તક છપ્પન', 'વેલકમ' અને 'નટસમ્રાટ' સહિતની ફિલ્મોમાં તેમના અભિનયને આજે પણ યાદ કરવામાં આવે છે. ગંભીર પાત્રોથી લઈને હાસ્યસભર ભૂમિકાઓ સુધી તેમણે પોતાની અભિનય ક્ષમતાની વૈવિધ્યસભર છાપ છોડી હતી.

નાનાં પાટેકરને તેમની નોંધપાત્ર ફિલ્મી કારકિર્દી માટે અનેક રાષ્ટ્રીય અને પ્રાદેશિક પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. વર્ષ 2013માં ભારત સરકાર દ્વારા તેમને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા હતા.અભિનય ઉપરાંત નાનાં પાટેકર સામાજિક કાર્યો સાથે પણ જોડાયેલા રહ્યા હતા. મહારાષ્ટ્રમાં પાણી સંરક્ષણ અને ખેડૂતોના પરિવારોને સહાય સહિતના સેવાકીય કાર્યોમાં તેમનું યોગદાન નોંધપાત્ર રહ્યું હતું.નાનાં પાટેકરના નિધનથી ભારતીય સિનેમાએ એક સશક્ત અને આગવી અભિનય પ્રતિભા ગુમાવી છે. તેમના યાદગાર પાત્રો, સંવાદો અને અભિનયની છાપ લાંબા સમય સુધી દર્શકોના હૃદયમાં જીવંત રહેશે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭

## ઉત્સવની ઉજવણીનો ઠાઠ!




T & C APPLY*

કુલ ઈનામો ૫૫૧

₹૭૫૦૦ 'ફ્રી' ખરીદી પર એક માલામાલ કુપન

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો?? ચમકાવો નસીબ અને બનો માલામાલ!!!

## સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

કે.ડી. NEWS
તારીખ : 08/10/2026

# અમરેલીમાં સૌરાષ્ટ્રની પ્રથમ 7D વર્ચ્યુઅલ રિયાલિટી લેબનું ઉદ્ઘાટન

## ડૉ. કલામ ઈનોવેટિવ સ્કૂલ ખાતે અત્યાધુનિક ટેકનોલોજીનો શૈક્ષણિક ક્ષેત્રે ઉપયોગ : વર્ચ્યુઅલ રિયાલિટી ચેરનો જાત અનુભવ



અમરેલી સ્થિત ડૉ. કલામ ઈનોવેટિવ સ્કૂલ ખાતે સૌરાષ્ટ્રની પ્રથમ 7D વર્ચ્યુઅલ રિયાલિટી લેબના ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહી અત્યાધુનિક વર્ચ્યુઅલ રિયાલિટી ચેરની ટેકનોલોજીનો જાત અનુભવ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વર્ચ્યુઅલ રિયાલિટી ટેકનોલોજીની શૈક્ષણિક ઉપયોગિતા તેમજ વિદ્યાર્થીઓના અભ્યાસમાં તેના સંભવિત ઉપયોગ અંગે માહિતી મેળવવામાં આવી હતી.'મેક ઈન ઈન્ડિયા' અંતર્ગત ઉત્પાદિત આ વર્ચ્યુઅલ રિયાલિટી ચેર શિક્ષણ ક્ષેત્રે ટેકનોલોજીના નવા આયામો ખોલી શકે તેવી છે. વર્ચ્યુઅલ રિયાલિટી દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ વિષયો અને શૈક્ષણિક અનુભવોને વધુ જીવંત તથા રસપ્રદ રીતે સમજવાની તક મળશે. આવી આધુનિક ટેકનોલોજીથી વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યેની જિજ્ઞાસા, રસ અને અભ્યાસ પ્રત્યેનો અભિગમ વધુ મજબૂત બનશે.આ પ્રસંગે સહકાર શિરોમણી તથા ઈફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી, પૂર્વ સાંસદ શ્રી નારણભાઈ કાછડિયા, શ્રી જયભાઈ કાથરોટિયા, શ્રીમતી ગીતાબેન સંઘાણી, શ્રી અશ્વિનભાઈ સાવલિયા, શ્રી જયંતિભાઈ પાનસુરિયા, શ્રી દીપકભાઈ માલાણી, શ્રી બાબુભાઈ સખવાલા અને શ્રી એમ.કે. સાવલિયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.અમરેલીની શૈક્ષણિક સંસ્થામાં આ પ્રકારની અત્યાધુનિક ટેકનોલોજીનો સમાવેશ વિદ્યાર્થીઓને ભવિષ્યની ટેકનોલોજી સાથે પરિચિત કરાવવા અને શિક્ષણને વધુ અનુભવાત્મક બનાવવા દિશામાં મહત્વપૂર્ણ પગલું બની રહેશે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વિશ્વાસ ઓટો કન્સલ્ટ

## મોડલ ૨૦૧૩ થી ૨૦૨૬ સુધીના તમામ કારની કંપનીના મોડલ હાજરમાં...

## હવેથી નવા સરનામે

## એકયુરેટ હીરોના શો રૂમની સામે, મહુવારોડ, સાવરકુંડલા

## સેકન્ડ ગાડીમાં લોન પણ કરી આપવામાં આવશે.

ક્રેટા, સ્વીફ્ટ, ઈકો, વેગન આર, બ્રીઝા, સ્વીફ્ટ ડીઝાયર, આઈ-10, આઈ-20, સ્કોર્પિયો, બોલેરો, અર્ટીગા, બલેનો, વોક્સ વેગન, વેન્ટો, જેવી તમામ પ્રકારની ગાડી લેવા તથા વેચવા માટે મળો...




નવી ગાડી લેવા જતા પહેલા અમારા શો રૂમની મુલાકાત લેશો.

**એકસીડેન્ટ વગરની ગાડીનો 100% વિશ્વાસપાત્ર એકમાત્ર શો રૂમ..**

**આપ કંપનીમાં પણ ચેક કરી શકો છો...**

હાજી ઈમરાનભાઈ એસ. શેખાણી
મો. 98248 17492

હાજી અમજદભાઈ એસ. શેખાણી
મો. 95742 02753

જુનેદભાઈ એસ. શેખાણી
મો. 97235 95955

તારીખ : 08/10/2026

# “તેરા તુજકો અર્પણ” કાર્યક્રમ અંતર્ગત લાઠી પોલીસની સરાહનીય કામગીરી




## ટેક્નિકલ મદદથી ગુમ થયેલો મોબાઈલ ફોન શોધી અરજદારને પરત સોંપ્યો

અમરેલી જીલ્લાના લાઠી પોલીસ દ્વારા “તેરા તુજકો અર્પણ” કાર્યક્રમ અંતર્ગત સરાહનીય કામગીરી કરવામાં આવી છે. અરજદારશ્રીનો પડી ગયેલો મોબાઈલ ફોન ગુમ થઈ જતાં લાઠી પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો હતો.આ અંગે લાઠી પોલીસ દ્વારા ટેક્નિકલ ટીમની મદદથી જરૂરી ટેક્નિકલ તપાસ હાથ ધરી મોબાઈલ ફોનની શોધખોળ કરવામાં આવી હતી. સતત પ્રયાસોના પરિણામે ગુમ થયેલો મોબાઈલ ફોન શોધી કાઢવામાં પોલીસને સફળતા મળી હતી.મોબાઈલ ફોન મળી આવ્યા બાદ પોલીસ દ્વારા જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી તે અરજદારશ્રીને પરત સોંપવામાં આવ્યો હતો. પોતાનો ગુમ થયેલો મોબાઈલ ફોન પરત મળતા અરજદારશ્રીએ લાઠી પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.લાઠી પોલીસની આ કામગીરી પોલીસની ટેક્નિકલ કુશળતા, સતર્કતા અને નાગરિકલક્ષી અભિગમનું ઉત્તમ ઉદાહરણ બની છે.

તારીખ : 08/10/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

oppo

Shivam MOBILE Hiren Savarkundla

## OPPO F35 Series 5G

## Group selfie Expert

PRE-BOOK NOW



Festive OFFER

FREE PREMIUM GIFT

ON PRE BOOKING




Powered by ColorOS

10% Instant Cashback* OR UPTO 18 Months Zero Down Payment* OR 10% Exchange Bonus*

STUDENT OFFER 10% + 2% Instant Cashback* UPTO 70 Assured Buyback* at ₹399

SBI card | HDFC BANK | AXIS BANK | ICICI Bank | IDFC FIRST Bank | kotak | BOBCARD | YES BANK | DBS | BAJAJ FINANCE | TVS CREDIT | IDFC FIRST Bank | HDB | DMI FINANCE | UPI

# શિવમ્ મોબાઈલ

હિરેનભાઈ - મો. 97120 10203
ઉમંગભાઈ - મો. 98791 40970

જુના બસ સ્ટેન્ડ રોડ, સાવરકુંડલા

કે.ડી. NEWS

તારીખ : 08/10/2026

# રાજુલામાં NSSની વિદ્યાર્થિનીઓએ રક્તદાન કેમ્પમાં સેવા આપી




# ગાંધી જયંતિ નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધામાં વિદ્યાર્થિનીઓએ પ્રતિભા રજૂ કરી

રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન એચ. બી. સંઘવી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાજુલાના N S S યુનિટની સ્વયંસેવિકા બહેનોએ તા. 2 ઓક્ટોબરના રોજ મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર, રાજુલા તથા ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ, સ્ટેશન પીપાવાવના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા રક્તદાન કેમ્પમાં સેવા આપી હતી.આ પ્રસંગે મહાત્મા ગાંધી આરોગ્ય મંદિરના ડૉ. કમલેશભાઈ જોશીએ NSSની સ્વયંસેવિકા બહેનોનું સ્વાગત કરી રક્તની જીવનરક્ષક જરૂરિયાત તથા રક્તદાનના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું.બીજી તરફ, મહાત્મા ગાંધીજી તથા રાષ્ટ્રઘડવૈયા લાલ બહાદુર શાસ્ત્રીજીની જન્મજયંતિ નિમિત્તે મહાત્મા ગાંધી મંદિર ખાતે વક્તૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની વક્તૃત્વ પ્રતિભા રજૂ કરી હતી.

સ્પર્ધામાં જાનવીબેન જગડાએ 'મારું જીવન એ જ મારો સંદેશ' તથા સોનલબેન પટાટે 'સતત રાષ્ટ્રીય સેવા મારો ધર્મ' વિષય પર અસરકારક વક્તવ્ય રજૂ કર્યું હતું.આ સમગ્ર પ્રવૃત્તિ બદલ સફળ વિદ્યાર્થીનીઓને કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ, સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી તથા કેમ્પસ ડાયરેક્ટર ડૉ. જીગ્નેશ વાજાએ અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કર્યા હતા.

કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રીટાબેન રાવલ, ભગવતીબેન વડીયા તથા પ્રાધ્યાપકોએ સમગ્ર આયોજનમાં માર્ગદર્શન અને સહયોગ આપ્યો હતો.રક્તદાન જેવી માનવસેવા તથા મહાત્મા ગાંધીજીના વિચારોને આધારે યોજાયેલી આ પ્રવૃત્તિઓથી વિદ્યાર્થિનીઓમાં સેવાભાવ, રાષ્ટ્રીય જાગૃતિ અને સામાજિક જવાબદારીની ભાવનાને પ્રોત્સાહન મળ્યું હતું.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



Organised by: HEADWAY BUSINESS SOLUTIONS LLP Solution@100%

www.headway.guru

908 1 24 1 916








## અરે... વાહ...

## ૯,૯૯૯ સુધી

**કરોડોની કિંમતના ઈનામો!**

## હા, સાચું વાંચ્યું.

## તે પણ માત્ર ₹૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી કે એકસચેન્જ પર*

**તો રાહ કોની જુવો છો, ઘરેણાં સાથે ચમકાવો નસીબ**

ઓફર: ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૬ સુધી જ લાગુ.

*શરતો લાગુ

GJ શ્રી ગોકુલ જ્વેલર્સ

હવેલી શેરી, સાવરકુંડલા. 222195 95373 12695

તારીખ : 08/10/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

oppo

TM TAKDIR MOBILE Since 2000

## OPPO F35 Series 5G

## Group selfie Expert

PRE-BOOK NOW



Festive OFFER

FREE PREMIUM GIFT

ON PRE BOOKING




Powered by ColorOS

10% Instant Cashback* OR UPTO 18 Months Zero Down Payment* OR 10% Exchange Bonus*

STUDENT OFFER 10% + 2% Instant Cashback* | UPTO 70 Assured Buyback* at ₹399

SBI card | HDFC BANK | AXIS BANK | ICICI Bank | IDFC FIRST Bank | kotak | BOBCARD | YES BANK | DBS | BAJAJ FINANCE | TVS CREDIT | IDFC FIRST Bank | HDB FINANCIAL SERVICES | DMI FINANCE | UPI

# તકદીર મોબાઈલ

રિયાઝખાન - મો. 97232 31786

તનજીમખાન - મો. 84697 86999

નદીબજાર, તકદીર પાનની બાજુમાં, લુહારવાડી સામે, સાવરકુંડલા

તારીખ : 08/10/2026

# ટીબી મુક્ત પંચાયત સન્માન કાર્યક્રમ યોજાયો

## જાબાળ ગામની ટીબી મુક્ત પંચાયત તરીકે પસંદગી



આજરોજ તાલુકા હેલ્થ કચેરી, સાવરકુંડલા ખાતે તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.સિદ્ધપુરા સાહેબ ના માર્ગદર્શન હેઠળ ટીબી મુક્ત પંચાયત સન્માન કાર્યક્રમ તેમજ જોશ ટીમના જિલ્લા અને રાષ્ટ્રીય કક્ષાના શુભારંભ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.સાવરકુંડલા તાલુકાના જાબાળ ગામની ટીબી મુક્ત પંચાયત તરીકે પસંદગી બદલ જાબાળ ગામ ના સરપંચ શ્રી જયદિપભાઈ ખુમાણ નું સન્માન કરવામાં આવ્યુંકાર્યક્રમમાં સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ધારાસભ્યશ્રી માનનીય મહેશભાઈ કછવાળા સાહેબ, જિલ્લા પ્રમુખશ્રી દક્ષાબેન ચોંડવડિયા, નગરપાલિકા પ્રમુખશ્રી નયનાબેન કાપડિયા, બાંધકામ સમિતિના ચેરમેનશ્રી પ્રકાશભાઈ પાનસુરીયા, સાવરકુંડલા તાલુકા ના ટીબી મુક્ત ગ્રામ પંચાયતમાં પસંદ પામેલા તમામ સરપંચશ્રીઓ,NCC કેડેટ્સ તથા આરોગ્ય વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ટીબી મુક્ત પંચાયતના સંકલ્પને વધુ મજબૂત બનાવવા અને ટીબી નાબૂદીના અભિયાનને જનભાગીદારીથી સફળ બનાવવા સૌએ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# ભક્તિ અને સુગંધનો અદ્દભુત સંગમ

## જયાં સુગંધ છે ત્યાં જ શાંતિ અને સમૃધ્ધિ છે.

## ધુપ તેમજ અગરબત્તીનો વિશાળ ખજાનો

| | | |
|---|---|---|
| સેન્ટેડબત્તી | ગુગળ | ભીમસેન કપુર |
| મસાલાબત્તી | લોબાન | લાંબી અગરબત્તી |
| ધુપસ્ટીક | દશાંગ ધુપ | સાંબ્રાણી ધુપ |
| ભીનાધુપ | પંચનાથ ધુપ | જમ્બો કોડીયા ધુપ |
| કોડીયાધુપ | કપુર ગોળી | પ્યોર ગુગળ |
| કોનધુપ | દીવેટ | કપુર ગુગળ બત્તી |

**ધુપ છાણા * ધુપ કોલસા * કપુરદાની**

સ્પ્રે, અત્તર, રૂમ સ્પ્રે, ડીઓ સ્પ્રે તેમજ દરેક કંપનીની સ્ટાન્ડર્ડ અગરબત્તી, સ્ટીક તો ખરી જ...

તમારા ઘર અને પુજા ઘરને બનાવો સકારાત્મક ઉર્જાથી ભરપુર...



ઉપરોક્ત દરેક આઈટમમાં વિશાળ રેન્જ હાજરમાં મળશે..



# રૂપેશ પરફયુમ્સ

The One Stop Smell Shop

મેઈનબજાર, સાવરકુંડલા. મો. ૯૯૨૪૫ ૪૦૫૦૪

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 08/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# ખાદી કાર્યાલય સાવરકુંડલા



## ગાંધી જયંતી નું વિશેષ વળતર શરૂ થઈ ગયેલ છે.

તો ગુજરાત ઉત્પાદિત તમામ પ્રકાર ની ખાદી માં 30% વળતર છે.પરપ્રાંત ખાદી માં ૧૫% વળતર છે. તો આ વળતર નો લાભ લેવા માટે ખાદી ખરીદવા અવશ્ય પધારશો.

તેમજ ગ્રામોદ્યોગ માં અનેક વસ્તુઓ હાજરમાં છે. તો ખાદી કાર્યાલય સાવરકુંડલા માં નવા ભવન ની મુલાકાત લેશો.

**સમય : સવારે ૯:00 થી ૧:00, બપોર પછી 3:00 થી ७:00**

**ખાસ નોંધ : દિવાળી સુધીના તમામ રવિવારે વેચાણ શરુ રાખેલ છે.**

લી. ટ્રસ્ટીશ્રીઓ

શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ ખાદી કાર્યાલય

રેલ્વે સ્ટેશન પાછળ, સાવરકુંડલા.

મો. ૯૪૨૯૦ ७૬૫૪૦

કે.ડી. NEWS

તારીખ : 08/10/2026

# સાવરકુંડલા બ્રાન્ચ કન્યાશાળા નં. ૨ માં વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી

## નિબંધ સ્પર્ધા યોજી વિદ્યાર્થીનીઓમાં વન્યજીવ સંરક્ષણ અને પર્યાવરણ જાગૃતિ કેળવાઈ




વન્યજીવોના સંરક્ષણ તથા પર્યાવરણ પ્રત્યે બાળકોમાં જાગૃતિ કેળવવાના હેતુથી સામાજિક વનીકરણ રેન્જ, સાવરકુંડલા દ્વારા 'વન્ય પ્રાણી સપ્તાહ'ની ઉજવણી અંતર્ગત સાવરકુંડલા સ્થિત બ્રાન્ચ શાળા નંબર-૨ (કન્યાશાળા) ખાતે વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમનું માર્ગદર્શન તથા સંચાલન સામાજિક વનીકરણ રેન્જ, સાવરકુંડલાના ઈ.ચા. રાઉન્ડ ફોરેસ્ટર શ્રી આર. ટી. લાધવા, વંડાના ફોરેસ્ટર શ્રી આર. એમ. ખુમાણ તથા વંડાના ફોરેસ્ટ ગાર્ડ શ્રી આઈ. એચ. સુમરા દ્વારા કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે વિદ્યાર્થીનીઓમાં વન્યજીવો પ્રત્યે પ્રેમ, સંવેદનશીલતા તથા પર્યાવરણ સંરક્ષણની ભાવના વિકસે તે હેતુથી નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની પ્રતિભા વ્યક્ત કરી હતી. સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને વન વિભાગ દ્વારા પ્રોત્સાહક ઈનામો આપી સન્માનિત કરવામાં આવી હતી.આ તકે વન વિભાગના સ્ટાફ દ્વારા વન્યજીવોનું પર્યાવરણમાં મહત્વ, જૈવવિવિધતાનું જતન તથા પ્રકૃતિના સંરક્ષણ અંગે વિદ્યાર્થીનીઓને માહિતગાર કરવામાં આવી હતી. વન્યજીવો અને પ્રકૃતિ સાથે માનવીના સહઅસ્તિત્વ અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળાના પ્રિન્સિપાલ શ્રી ભારતીબેન તથા સમગ્ર શિક્ષકગણનો સહયોગ પ્રાપ્ત થયો હતો. વન વિભાગના અધિકારીઓ દ્વારા શાળા પરિવારના સહયોગ બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# નવરાત્રીની હાર્દિક શુભકામનાઓ !

## માં અંબાના આરાધનાના પર્વ 'નવરાત્રી' માં રાસ-ગરબા રમતા ખેલૈયાઓ માટે ખાસ સુવિધા!




લગ્ન પ્રસંગના ઓર્ડર ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવશે.

**ગરબાની રમઝટ વચ્ચે ખેલૈયાઓનો થાક ઉતારવા અને સ્ફૂર્તિ વધારવા માટે હવે મેળવો એકદમ શુદ્ધ, ઠંડુ અને મીઠું પાણી!**

**રૂડા નવરાત્રીના દરેક નોરતે પાણીની ચિંતા છોડો અને ગરબાની મજા માણો..**

**રાજન વોટર ના સથવારે..**

**ભેળસેળ મુક્ત પાણી પીવો અને સ્વસ્થ રહો!**

**ઓર્ડર કરવા માટે અત્યારે જ કોલ કરો..**

મુકેશભાઈ ભરવાડ
મો. 87329 81368

હરીભાઈ ભરવાડ (નગરપાલિકા સદસ્ય)
મો. 7874411833

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 08/10/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વાંકા-ચુકા દાંતની સારવારનાં નિષ્ણાંત

## અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.

# ડો. દેવાંગ બી. પંડયા

**B.D.S., M.D.S.(orthodontics)**
**Double-Slot System (Brazil)**



દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ

# દેવ ડેન્ટલ ક્લિનીક & ઇમ્પ્લાન્ટ સેન્ટર

**સમય : સવારે ૯ થી ૧ / સાંજે ૪ થી ૮**

**સ્થળ : ઇન્દુ પ્લાઝા કોમ્પ્લેક્ષ, મણીભાઇ ચોક, સાવરકુંડલા. મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭**

તારીખ : 08/10/2026

# દડવા રાંદલ મંદિર પરિસરમાં 12 વેપારીઓને ફૂડ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ વિતરણ

## ફૂડ લાયસન્સ અને રજીસ્ટ્રેશન કેમ્પ યોજાયો, વેપારીઓને સ્વચ્છતા અને હાઈજેનિક કન્ડિશન જાળવવા સૂચના



અમરેલી જીલ્લાના વડીયા તાલુકાના દડવા (રાં) ખાતે આવેલા પ્રસિદ્ધ દડવા રાંદલ મંદિર પરિસરમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ફૂડ લાયસન્સ અને રજીસ્ટ્રેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમરેલી જિલ્લા કલેક્ટરની સૂચનાથી યાત્રાધામોની આસપાસ ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતા વેપારીઓની તપાસના અનુસંધાને આ વિશેષ કેમ્પ યોજાયો હતો.

કેમ્પ દરમિયાન ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતા ફૂડ બિઝનેસ ઓપરેટર્સને તેમના ધંધાના સ્થળે સ્વચ્છતા જાળવવા તેમજ હાઈજેનિક કન્ડિશનનું ચુસ્તપણે પાલન કરવા જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.આ ઉપરાંત ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતાના અભાવથી આરોગ્યને થઈ શકતા નુકસાન અંગે વેપારીઓને વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વેપારીઓને ખાદ્ય પદાર્થોના વેચાણ દરમિયાન જરૂરી નિયમોનું પાલન કરવા અને ગ્રાહકોના આરોગ્યને પ્રાથમિકતા આપવા અપીલ કરવામાં આવી હતી.

કેમ્પ દરમિયાન સ્થળ પર જ જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરીને આશરે 12 ફૂડ બિઝનેસ ઓપરેટર્સને ફૂડ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રકારના કેમ્પ દ્વારા નાના-મોટા ખાદ્ય વ્યવસાયકારોને નિયમો અંગે જાગૃત કરવા સાથે ખાદ્ય સલામતી અને સ્વચ્છતાના ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# સજદા ફેશન લેડીઝ વેર

## નવરાત્રી સ્પેશિયલ ઓફર

- કોઈ પણ 3 પીસ 300 માં
- કોઈપણ 2 પીસ 250 માં
- કોઈપણ કુર્તી 150 માં
- કોઈપણ ટ્યુનિક 150 માં
- નેરો જીન્સ પેન્ટ 200 માં
- નાના બાળકો ના કપડા 150
- બેગી જીન્સ પેન્ટ 300 માં
- સલવાર 70 માં
- ગાઉન કોઈ પણ 150 માં



**તા. 9 ઓક્ટોબર થી 14 ઓક્ટોબર**

એડ્રેસ: સજદા ફેશન, મહુવા રોડ,
માર્કેટિંગ યાર્ડની ફાટક ની સામે, સાવરકુંડલા

Mo. 88660 77442

# સાવરકુંડલામાં શુક્રવાર અને શનિવારે મળશે...

# + ડો. નિરજ રાજપુરા

**BAMS.MD PK (આયુર્વેદ નિષ્ણાંત)**

સરનામુ : સાર્વજનિક દવાખાનુ (કુંડલા વિભાગ)
શેઠશેરી, ગાંધીચોક,સાવરકુંડલા.
મો. 96873 83009

શુક્રવાર, શનિવાર, સમય : સવારે ૯:30 થી ૧:30
સાંજે ૪:30 થી ૭:30

* જુના હઠીલા રોગોની સારવાર
* શ્વાસ, દમ, અસ્થમા ફેફસાના રોગો
* પથરી, ગેસ, એસીડીટી, પેટના રોગો
* કોઈપણ વા, સાંધાના દુ:ખાવા
* ધાધર, ખરજવું, ચામડી, વાળના રોગો
* સ્ત્રી રોગો નિ:સંતાનપણાની સારવાર

કાયમી સરનામુ : ઓજ આયુર્વેદ, C/o.
ઓરિયન્ટ હોસ્પિટલ, નાના મવા સર્કલ, રાજકોટ.

તારીખ : 08/10/2026

# રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત નિઃશુલ્ક સાધન સહાય એસેસમેન્ટ કેમ્પનું આયોજન




સાવરકુંડલા, રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત નિઃશુલ્ક સાધન સહાય એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું દીપ પ્રાગટ્ય કરીને ઉદ્ઘાટન સાંસદ ભરતભાઈ સુતરીયા, કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજ, ધારાસભ્ય મહેશ કસવાળા, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયા, ગવર્નિંગ કાઉન્સિલર મેમ્બર પૂજાબેન પટેલ તથા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી દક્ષાબેન મહિડા સહિતના મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં ૬૦૦થી વધુ વયોવૃદ્ધ દર્દીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.

અમદાવાદના નિષ્ણાત ડોક્ટરો દ્વારા તેમની તપાસ કર્યા બાદ જે સાધન સહાય આપવા યોગ્ય હશે તેમને સારી ગુણવત્તાવાળા સાધનો આપવામાં આવશે.આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ પ્રાસંગિક પ્રવચન આપ્યા હતા. તેમણે જણાવ્યું કે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સુશાસનના ૨૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે ભાજપ સરકારે દેશના વયોવૃદ્ધ નાગરિકો માટે વિશેષ ચિંતા કરી છે અને આવી યોજનાઓ અમલમાં મૂકી છે.

આ કાર્યક્રમમાં સાવરકુંડલા નગરપાલિકાના હોદ્દેદારો, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સદસ્યો, સરપંચશ્રીઓ, નાયબ કલેક્ટર જીલ પટેલ, સાવરકુંડલા મામલતદાર તથા જિલ્લા વહીવટી તંત્ર અને સમાજ સુરક્ષા અધિકારી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

તારીખ : 08/10/2026
ના નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# દિવાળી ધમાકા ઓફર

# સુફુન ટુર્સ & ટ્રાવેલ્સ

હવે માત્ર રૂા. ૮ માં કિલોમીટર ઇકકો ગાડી ભાડે મળશે...

: સંપર્ક :

91000 92192

ક્રે.ડે NEWS
તારીખ : 08/10/2026

# દિવેલાના ઊભા પાકમાં ચુસીયા પ્રકારની જીવાતોના સંકલિત વ્યવસ્થાપન માટે ખેડૂતોએ પગલા લેવા

અમરેલી તા.૦૮ ઓક્ટોબર,૨૦૨૬ - ચુસીયા પ્રકારની જીવાતોની હાજરી જાણવા માટે વાવણી બાદ એક મહિને પીળાચીણા પિંજર ૧૦/હે. લગાવવા જેથી સમયસર નિયંત્રણનાં પગલાં ભરી શકાય. ચુસીયા પ્રકારની જીવાતોના ઉપદ્રવ સમયે લીંબોળીનું તેલ ૫૦ મિ.લી. અથવા એઝાડિરેક્ટીન યુક્ત ૧૫૦૦ પીપીએમ દવા ૫૦ મિ.લી. સાથે ૧૦૦ મિલી. તેલીયા સાબુનું સંતૃપ્ત દ્રાવણ/૧૦ લિટર પાણી સાથે ઉમેરી છંટકાવ કરવો. ચુસીયા પ્રકારની જીવાતોના જૈવિક નિયંત્રણ માટે લેકાનીસીલીયમ લેકાની અથવા બીવેરીયા બેસિયાના ફુગનાશક પાવડર ૪૦ ગ્રામ/૧૦ લિટર પાણીમાં ઉમેરી ઉપદ્રવ સમયે છંટકાવ કરવો. તડતડીયા અને થ્રિપ્સ તેમજ પાન કોરિયાના નિયંત્રણ માટે શોષક પ્રકારની દવાઓ જેવી કે ઈમીડાક્લોપ્રિડ ૧૭.૮ એસએલ ૪ મિ.લી., ફિપ્રોનીલ ૫ ટકા એસસી ૪ મિ.લી. અને થાયોમેથોક્ઝામ ૨૫ ડબલ્યુજી ૪ ગ્રામ/૧૦ લિટર પ્રમાણે છંટકાવ કરવો. સફેદમાખીના નિયંત્રણ માટે લીમડાની લીંબોળીનું તેલ ૫૦ મિ.લી અથવા એસીટામીપ્રીડ ૨૦ એસપી ૩ ગ્રામ દવા પ્રમાણે ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે, આપવામાં આવેલ ડોઝ અને જે તે રોગ/જીવાત માટેની દવા છે તે ભલામણ મુજબ અનુસરવા જણાવવામાં આવે છે.

આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક /વિસ્તરણ અધિકારી/ ખેતી અધિકારી/ તાલુકા અમલીકરણ અધિકારી/ મદદનીશ ખેતી નિયામક/ જિલ્લા ખેતીવાડી અધિકારી/ નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)/ નાયબ ખેતી નિયામક (તાલીમ) નો સંપર્ક કરવો તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

કે.ડી. NEWS
તારીખ : 08/10/2026

# "પી.એમ. કિસાન યોજના"ના લાભાર્થીઓએ બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા વાર્ષિક 'e-KYC' ફરજિયાત પૂર્ણ કરવું

અમરેલી તા. ૦૮ ઓક્ટોબર,૨૦૨૬ - ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજના હેઠળ સહાય મેળવવા માટે તમામ નોંધાયેલા લાભાર્થી ખેડૂતો માટે બાયોમેટ્રિક અથવા ફેસ ઓથેન્ટિકેશન આધારિત e-KYC પ્રક્રિયા ફરજિયાત કરવામાં આવી છે. ભારત સરકારની માર્ગદર્શિકા અનુસાર, દરેક લાભાર્થીએ દર નાણાકીય વર્ષના પ્રથમ હપ્તા (એપ્રિલ-જુલાઈ) ના વિતરણ પહેલાં પોતાનું વાર્ષિક e-KYC પૂર્ણ કરાવવું અનિવાર્ય છે. જે લાભાર્થીઓ સમયસર આ પ્રક્રિયા પૂર્ણ કરશે, માત્ર તેઓને જ પી.એમ. કિસાન યોજનાનો આગામી હપ્તો મળવાપાત્ર રહેશે. આથી અમરેલી જિલ્લાના તમામ ખેડૂત મિત્રોને જણાવવામાં આવે છે કે, વર્ષ ૨૦૨૬-૨૭ માટેનું આ વાર્ષિક e-KYC ફરજિયાતપણે પૂર્ણ કરી લેવું. આ e-KYC ની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે સરકાર દ્વારા ત્રણ સરળ પદ્ધતિઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પ્રથમ પદ્ધતિ અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ વિલેજ નોડલ ઓફિસર દ્વારા PM-KISAN મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને ફેસ ઓથેન્ટિકેશન મારફતે e-KYC પૂર્ણ કરી શકાય છે. બીજી પદ્ધતિમાં ખેડૂતો નજીકના કોમન સર્વિસ સેન્ટર (CSC) અથવા ઈ-ગ્રામ કેન્દ્ર ખાતે રૂબરૂ જઈને બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા પોતાનું ઈ-કેવાયસી કરાવી શકે છે. ત્રીજી પદ્ધતિ અનુસાર, લાભાર્થી ખેડૂત સ્વયં પોતાના મોબાઈલમાં PM-KISAN એપ ડાઉનલોડ કરી, તેમાં બેનિફિશિયરી વિકલ્પ પસંદ કરીને પોતાના આધાર નંબર અથવા રજીસ્ટ્રેશન નંબર દ્વારા ફેસ ઓથેન્ટિકેશનથી પોતાનું તેમજ અન્ય ૧૦૦ લાભાર્થીઓનું e - K Y C ખૂબ જ સરળતાથી પૂર્ણ કરી શકે છે. જિલ્લાના તમામ પાત્રતા ધરાવતા લાભાર્થીઓનું e-KYC સમયમર્યાદામાં પૂર્ણ થાય અને કોઈ પણ ખેડૂત આગામી હપ્તાના આર્થિક લાભથી વંચિત ન રહી જાય તે માટે ગામડાઓમાં વ્યાપક જનજાગૃતિ, પ્રચાર-પ્રસાર અને વિશેષ કેમ્પોનું આયોજન કરવામાં આવશે. આ કામગીરીને વધુ વેગવંતી બનાવવા માટે ગામદીઠ ઓછામાં ઓછા ૦૫ સ્થાનિક યુવાનોને PM-KISAN મોબાઈલ એપ્લિકેશન દ્વારા ઈ-કેવાયસી કરવાની તકનિકી તાલીમ આપીને કેમ્પેઈન મોડમાં કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અમરેલી જિલ્લાના તમામ ખેડૂત લાભાર્થીઓએ સમયસર પોતાનું વાર્ષિક e-K Y C પૂર્ણ કરાવી લેવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. આ બાબતે વધુ માહિતી કે, માર્ગદર્શનની જરૂરિયાત હોય તો ખેડૂતો પોતાના ગામના તલાટી કમ મંત્રીશ્રી, સિટી તલાટીશ્રી અથવા તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારીશ્રી (T D O) અને મામલતદારશ્રીઓનો સંપર્ક કરી શકે છે તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

તારીખ : 08/10/2026

કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# જન્મદિવસની અઢળક શુભકામનાઓ



## શ્રી ઘનશ્યામભાઈ ત્રિવેદી

### (નિવૃત શિક્ષક શ્રી તથા વિદ્વાન જ્યોતિષાચાર્ય)

શ્રી ઘનશ્યામભાઈ ત્રિવેદી(શિક્ષક શ્રી તથા વિદ્વાન જ્યોતિષાચાર્ય)કોઈપણ વ્યક્તિને રૂબરૂ મળે કે ફોન પર વાત કરવાની થાય ત્યારે જય ભોળાનાથ થી પોતાની વાત શરૂ કરનાર એવા શ્રી ઘનશ્યામભાઈ ત્રિવેદી કે જેઓ એક ઉત્તમ શિક્ષક હતાની સાથે સાથે એક વિદ્વાન એસ્ટ્રોલોજર છે. જેમના લેખ ન્યૂઝપેપરમાં પણ પ્રસિધ્ધ થાય છે.ઘનશ્યામભાઈ એ bollywood સેલિબ્રિટી તેમજ પોલિટિશિયનો અને અલગ-અલગ ક્ષેત્રના અનેક લોકો વિશે ઘણા લેખ લખ્યા છે. તેઓ જ્યોતિષ વિજ્ઞાન ની સાથે સાથે સામુદ્રિક શાસ્ત્ર numerology જેવું ઘણું બધું જ્ઞાન ધરાવે છે. શ્રી ઘનશ્યામભાઈ ત્રિવેદી એ એસ્ટ્રોલોજી મા એમ.એ. કરી ગુજરાત લેવલે નંબર પ્રાપ્ત કરેલ છે. સરળ અને નમ્ર સ્વભાવ ધરાવતા શ્રી ઘનશ્યામભાઈ એ પોતાના નિખાલસ અને હસમુખ સ્વભાવથી સેંકડો લોકોના હૃદયમાં પોતાનું સ્થાન અંકિત કરેલ છે. આજે તેમના જન્મદિવસ નિમિત્તે તેઓને તંદુરસ્તી સાથે દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થાય તેવી અદ્રૃષ્ટ પરમાત્માને પ્રાર્થના. મો. 9426484288

તારીખ : 08/10/2026

કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


Happy Birthday



સાવરકુંડલાનું ગૌરવ એવા

ગુજરાત હાઇકોર્ટ ના એડવોકેટભાઈ

# શ્રી યોગેશભાઈ રવાણી

ને જન્મદિવસ ની ખૂબ ખૂબ શુભકામનાઓ...

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 08/10/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## વ્યવસાય વારસામાં મળી શકે પરંતુ

# બ્રાન્ડ તો બનાવવી જ પડે..

ડીઝીટલ પ્લેટફોર્મ પર
હરણફાળ ભરનાર

**પ્રકાશ** પ્રિન્ટર્સ ®

હંમેશા એક કદમ આગળ...




તમારો પોતાનો ધંધો ઓનલાઈન લોન્ચ કરો
અને બનાવો તમારા પોતાના

## ધંધાની ડીઝીટલ પ્રોફાઈલ

દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ
તમારા બિઝનેસને આપો

## એક નવી ડિજિટલ ઓળખ !

પ્રતિ વર્ષ માત્ર **299** + GST

* તમારા બિઝનેસની પોતાની Digital Business Profile
* તમારી પ્રોફાઈલની પોતાની Shareable Link
* Unlimited Categories & Products ઉમેરવાની સુવિધા
* તમારા બિઝનેસ માટે Video Gallery
* Customer Reviews દર્શાવવાની સુવિધા
* WhatsApp Direct Contact ની સુવિધા
* Google Map Location ઉમેરવાની સુવિધા
* તમારી માહિતી જાતે Edit & Update કરવાની સુવિધા
* તમારી Digital Profile માટે QR Code
* Digital Visiting Card બનાવવાની સુવિધા
* Mobile, Laptop અને Tablet દરેક ડિવાઈસમાં સરળતાથી જોઈ અને ઉપયોગ કરી શકાય

વધુ માહિતી માટે સંપર્ક :

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા. મો. 94095 45745

પ્રકાશ પ્રિન્ટર્સ એપ્લિકેશનની 10000 થી વધુ મેમ્બરોની ઉપસ્થિતિ એ જ ઉપલબ્ધિ

ડીઝીટલ એપ્લિકેશનની ભવ્ય સફળતા બાદ

નવા પોર્ટલ માટે લોકાતુર ધંધાર્થીઓ, ગૃહ ઉદ્યોગ તેમજ સેલ્સમેનોની આતુરતાનો અંત....

તારીખ : 08/10/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923
KD
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કે.ડી NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
76 00 76 80 76
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
શ્રી ગોકુલ જ્વેલર્સ
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

તારીખ : 08/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ગુરૂદેવ કહે છે...

"બોરીવલી આવતા પહેલાં
જસામાન પેક કરનાર મુસાફર
બોરીવલી સ્ટેશને ખૂબ જ
આસાનીથી ઉતરી શકે છે. મોત
આવતા પહેલાં જ જીવનને
વ્યવસ્થિત બનાવી દેનાર વ્યકિત
મોત વખતે ખૂબ મસ્તીથી આ
જગતમાંથી વિદાય થઈ શકે છે."




આચાર્ય વિજય રત્નસુંદર
સુરિશ્વરજી મહારાજ



તારીખ : 08/10/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026

Gurutattva®

3539
08/10/2026
Thursday

## आत्मा

"परमात्मा" के संबन्ध मे जो भी नाम है, वह मनुष्य ने ही दिये हुये है, उसका कोई नाम ही नहीं है, रूप भी नहीं है।

બાબાસ્વામી
8/10/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
Email : swamiji.office@gurutattva.org,
Telegram : t.me/ShreeShivkrupanandSwami  Whatsapp : Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**ગ્રાહક:** ભાઈ, ઉધાર મળશે?
દુકાનદાર: મળશે...ગ્રાહક: તો આપો ને!
દુકાનદાર: પહેલા ઉધાર પાછું આપનારા કોઈને લઈને આવો!......

**ગ્રાહક:** કંઈક એવું બતાવો કે પત્ની ખુશ થઈ જાય.દુકાનદાર: સામે જે ATM છે ને... ત્યાંથી શરૂઆત કરો!......

**ગ્રાહક:** ભાઈ, આટલો મોંઘો ભાવ કેમ?
દુકાનદાર: સાહેબ, ભાવ સાંભળીને જે લોકોને ચક્કર આવે, એમના માટે બેસવાની ખુરશી મફત છે!

# 8 ઓક્ટોબર

# મહત્વની ઘટનાઓ

૨૦૦૯ – ગુજરાતી વિકિપીડિયામાં લેખોની સંખ્યા ૧૦,૦૦૦ને પાર કરી.

## જન્મ

૧૯૪૫ – મ. કુ. બા શ્રી રોહિણીકુંવરબા સાહિબા[કોણ?], કચ્છના પૂર્વ મહારાણી

૧૯૫૧ – પ્રસાદ બ્રહ્મભટ્ટ, ગુજરાતી વિવેચક, સાહિત્યિક ઈતિહાસકાર અને ચરિત્રકાર

## અવસાન

૧૬૫૭ – દિલરાસ બાનો બેગમ, મુઘલ રાજવંશના છેલ્લા મહત્વના બાદશાહ ઔરંગઝેબના પહેલા અને મુખ્ય પત્ની (જ. ૧૬૨૨)

૧૯૩૬ – પ્રેમચંદ, હિન્દી અને ઉર્દુ સાહિત્યના લેખક, વાર્તાકાર અને સમાજસેવક (જ. ૧૮૮૦)

૧૯૭૯ – જયપ્રકાશ નારાયણ, જે પી અથવા લોકનાયક તરીકે જાણીતા ભારતીય સ્વતંત્રતા સેનાની, સિદ્ધાંતકારી, સમાજવાદી અને રાજનેતા (જ. ૧૯૦૨)

૨૦૧૨ – નવલકિશોર શર્મા, ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ રાજ્યપાલ (જ. ૧૯૨૫)

## તહેવારો અને ઉજવણીઓ

ભારતીય વાયુસેના દિવસ

તારીખ : 08/10/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વ્યાપારી માટે



## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 08/10/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 08/10/2026

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

## સાળંગપુરના આજના દર્શન



# કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




| | | | |
|---|---|---|---|
| 90K | 59K | 43K | 100K |

**સંપર્ક : મો. 94997 97973**